R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ? (હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ (૩૦૮)સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજ રોડ, નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . ટે.નં(મો)૯૮૨૫૧૬૯૩૮૯
વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-28 • ISSUE: 15 DATE: 13-04-2019• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/

## લોકસભાની ચુંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ સંકલ્પ જાહેર કર્યો : જેમાં જુના-નવા વચનોનું મિશ્રણ કરી લ્હાણી કરી

૨૦૧૪ની લોકસભાની ચુંટણી વખતે ભાજપે મતદારોને આપેલા વચનો જે ચુંટણી ઢંઢેરામાં વર્ણવા હતા તેમાંથી મોટાભાગના વચનો પરિપુર્ણ થયા નથી ત્યાં ૨૦૧૯ના ચુંટણી ઢંઢેરાને સંકલ્પમાં બદલીને જુના નવા વચનોની લ્હાણી કરી છે. કેન્દ્રમાં ફરીથી સત્તા મેળવવા માટે ભાજપે ફરીથી એક વાર મતદારોને પોતાના વચનો દોહરાવીને મત મેળવવા માટે આર્કષવા પ્રયત્ન જારી કર્યો છે.ગત વખતની જેમ આ વખતે પણ વચનોની લ્હાણી જ છે.લોકસભાના મતદાનના હવે ત્રણેક દિવસો બાકી છે ત્યારે હવે તેમને રામમંદિરની સ્થાપના યાદ આવી છે.મંદિરના નામે ભાજપ આજદિન સુધી દેશના મતદારોને ઝાંસા જ આપ્યા છે.હજુ સુધી મંદિરના નિર્માણનું કામ શરુ થઈ શક્યું નથી.આતંકવાદ સામે કડકાઈથી કામ લેવા માટેના વચનો આપ્યા છે પરંતુ રોજ રોજ આતંકીઓના હાથે દેશના જવાનો શહીદ થઈ રહ્યા છે.આગામી ત્રણ વર્ષમાં દેશના ખેડુતોની આવક બમણી કરવા માટે અને ૨૦૩૦ સુધીમાં ભારતને વિશ્વ માં ત્રીજા ક્રમનું સૌથી મોટું આર્થિક અર્થતંત્ર બનાવવા માટે નિર્ધાર જાહેર કર્યો છે. છેલ્લા ચાર વર્ષમાં અર્થતંત્રની જે હાલત કરી છે ત્યાર બાદ ૨૦૩૦માં પ્રગતિ કરી શકે તેવા દાવા બેબુનિયાદ છે છતાં તેમણે કર્યા છે.જમ્મુ-કાશ્મીરમાં ૩૭૦મી કલમ નાબુદ કરવાની જે ઘોષણા કરી છે તે માત્ર વચનોને જ આધારિત છે.

ભાજપ જે બાબત જણાવી રહ્યો છે તે ૨૦૩૦ થી ૨૦૪૭ સુધીમાં શું થશે તેવી આગાહીને આધારિત બાબતો છે.ભાજપ રાષ્ટ્રવાદની વાત જણાવે છે પરંતુ રાષ્ટ્રવાદની ફિલોસોફી અને પ્રેરણા માત્ર ભાષણો આધારિત છે.જો કે કોગ્રેસના ચુંટણી ઢંઢેરામાં કેટલીક બાબતો અને ભાજપની કેટલીક બાબતો પર વિચાર કરવો જરુરી છે.

## આસામમાં ગૌમાંસ વેચવાનો આરોપ મુકીને વૃધ્ધને માર મારી સુવરનું માંસ ખવડાવ્યું

આસામમાં ગોમાંસ વેચતો હોવાના આરોપસર હિંસક ટોળાએ એક મુસ્લીમને માર મારીને સુવરનું માંસ ખાવાની ફરજ પાડી હતી.આસામના વિશ્વનાથ જિલ્લામાં ૬૮ વર્ષીય શોકતઅલીને ગૌમાંસ વેચતો હોવાના આરોપસર સ્થાનિક લોકોએ ઘેરી લઈને માર માર્યો હતો.એટલુંજ નહી પ ણ ટોળાએ શૌકતઅલીને સુવરનું માંસ ખાવા માટે બળજબરીથી ફરજ પાડી હતી.પોલીસે આ ઘટનાના સંદર્ભમાં પાંચ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વનાથ જિલ્લાની પોલીસે જણાવ્યુ હતું કે આ ઘટનામાં બે એફઆઈઆર નોંધવામાં આવી છે. એક એફઆઈઆર શૌકતના ભાઈ દ્વારા નોધાવવામાં આવી છે. આ ઘટનાનો એક વીડીયો પણ જારી થયો છે.

પોલીસે આ વિડીયોને આધારે આરોપીઓને ઝડપી લેવાની કાર્યવાહી શરુ કરી છે. વીડીયોમાં દેખાય છે તે પ્રમાણે ટોળાએ શૌકત અલીને માર મારતાં પુછ્યુ હતું કે શું તેની પાસે ગોમાંસ વેચવાનું લાઈસંન્સ છે કે તે બાંગ્લાદેશથી આવ્યો છે ?ટોળાએ મુસ્લીમને સુવરનું માંસ ખાવાની પણ ફરજ પાડી હતી.નજરે જોનારા લોકોએ જણાવ્યુ હતું કે કેટલાક સ્થાનિક લુખ્ખા તત્વો માર્કેટના વેપારીઓ પાસેથી ભંડોળ ઉઘરાવવા ગયા હતા. શોકતઅલીને તેમને પૈસા આપવાની ના પાડી હતી લુખ્ખા તત્વોએ બદલો લેવા માટે તેના પર ગૌમાંસ વેચતો હોવાનો આરોપ મઢી દીધો હતો.

## પ્રથમ પાંચ દિવસમાં જ એચ વનબી વિઝા માટેનું ભરણું છલકાઇ ગયું !

અમેરિકાના સીટીઝન અને ઈમીગ્રેશન સર્વીસીસ વિભાગે જણાવ્યુ હતું કે અમેરિકી કોગ્રેસ દ્વારા અપાયેલી પરવાનગી અનુસાર એચ-વનબી વિઝા માટે વર્ષ ૨૦૨૦ માટેની ૬૫૦૦૦ અરજીઓ અમને મળી ગઈ છે.આમ વિદેશી નાગરિકો માટે અમેરિકામાં કામ કરવા માટે સૌથી મોટી માંગ ધરાવતા એચ વનબી વિઝાનું ભરણું છલકાઈ ગયું છે. એચવનબી નોન ઈમીગ્રન્ટ વિઝા છે. જેના દ્વારા અમેરિકી કંપનીઓ વિદેશી કામદારોને પોતાને ત્યાં નોકરી પર રાખી શકે છે.અમેરિકી ટેકનોલોજી કંપનીઓ દર વર્ષે ભારત અને ચીનમાંથી હજારો કુશળ ઈજનેરોને નોકરી પર રાખે છે.

એચવનબી વિઝા મંજુર કરવાની કામગીરી સંભાળતા યુએસસીઆઈએસ વિભાગે જણાવ્યુ હતું કે અમને વર્ષ ૨૦૨૦ માટે સંસદે લાદેલી ૬૫૦૦૦ અરજીની મર્યાદા પ્રમાણેની અરજીઓ પ્રાપ્ત થઈ ગઈ છે. અમેરિકામાં નાણાકીય વર્ષની શરુઆત ૧ ઓક્ટો. ૨૦૧૯થી શરુ થશે. યુએસસીઆઈએસે ૧ એપ્રીલથી અરજીઓ સ્વીકારવાનું શરુ કર્યુ હતું. જો કે તે પહેલાં પાંચ દિવસમાં કેટલી અરજીઓ પ્રાપ્ત થઈ છે તેનો આંકડો જાહેર કરાયો નથી. યુએસસીઆઈએસે જણાવ્યુ હતું કે હવે માસ્ટર કેપ તરીકે જાણીતા ૨૦૦૦૦ એચવનબી વિઝા યુએસ એડવાસ્ડ ડીગ્રી માટે પુરતા પ્રમાણમાં અરજીઓ મળી છે કે કેમ તે અંગેની જાહેરાત હવે ૫ છી કરાશે.એજન્સીએ કહ્યુ હતું કે મર્યાદા પુરી થયા પછી મળેલી તમામ નાપસંદ થયેલી અરજીઓને નકારી કઢાશે અને વિઝા ફી પરત કરાશે.અરજી મર્યાદામાંથી મુક્તિ મેળવનાર અરજીઓ સ્વીકારવાનું અને તેની પ્રક્રીયા જારી રખાશે. અગાઉ મર્યાદા ઉપરાતં જેમની ગણતરી કરવામાં આવી હતી તેવા હાલના એચવનબી વીઝા ધારકો માટે દાખલ કરાયેલી અરજીઓ અને જેમની પાસે હજુ તેમના કેપ નંબર છે તેમણે ૨૦૨ના વર્ષમાં મુક્તિ અપાઈ છે.એચવનબી વિઝા જારી કરવા માટે છેલ્લા કેટલાક વર્ષોથી કરાતો કોમ્પ્યુટર ટ્રો જારી રખાશે કે કેમ તે અંગેની સ્પષ્ટતા એજન્સી દ્વારા કરાઈ નથી.

## અમેરિકામાં ગેરકાયદેસર રહેતા લોકોને અમેરિકાના પ્રમુખે સંદેશો આપતાં કહ્યુ કે અમારો દેશ ભરાઇ ગયો છે, પાછા જતા રહો



અમેરિકામાં ગેરકાયદેસર રહેતા લોકોને સંદેશો આપતાં અમેરિકાના પ્રમુખ મેકસિકોની સરહદ પર ગયા હતા અને કહ્યુ હતું કે અમેરિકામાં હવે બહારના લોકો માટે જગ્યા બચી નથી તેથી તેઓ પાછા જતા રહે. ૨૦૨૦માં આવનારી ચુંટણીની તૈયારી કરી રહેલા ટ્રમ્પે બીજા દેશોમાંથી આવીને ગેરકાયદે અમેરિકામાં વસતા લોકોનો મુદ્દો ઉઠાવ્યો છે. આ અમેરિકનોને ખટકતો મુદ્દો છે. મેકસિકો-અમેરિકાની બોર્ડર પર તહેનાત બોર્ડર પેટ્રોલ એજન્ટસને મળવા ગયેલા ટ્રમ્પે કહ્યુ હતું કે વિદેશથી આવતા લોકોને આપણે રોકવા પડશે.આની અવળી અસર આપણા ઈમીગ્રેશન પર પડે છે. અમે એવું નહી થવા દઈએ. આપણો દેશ અત્યારે ભરાઈ ચુક્યો છે.અમે તમને રાખી શકીએ તેમ નથી. ટ્રમ્પના આ ભાષણથી મેકસિકોની સરહદે રહેલા સેકડો લોકોએ દેખાવ કર્યા હતા. તેમણે ડાયપર પહેરેલા ટ્રમ્પનું બલુન બનાવ્યુ હતું. અને કહ્યુ હતું કે અમેરિકાએ પરિવારોને અલગ કરવાનું છોડી દેવું જોઈએ. જો તમે સરહદ પર દીવાલ બનાવશો તો અમારી આવતી પેઢી તેને તોડી પાડશે.

## ચુંટણી પંચની નિષ્ક્રિયતા અંગે પુર્વ અમલદારોનો ગંભીર આરોપ

ચુંટણી પંચની નિષ્ક્રિયતા અંગે પુર્વ અમલદારોના એક સમુહે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને પત્ર લખીને ચુંટણીપંચની નિષ્ક્રિયતા અંગે ફરિયાદ કરી છે.વાસ્તવમાં લોકસભા ચુંટણીના સંદર્ભે આચાર સંહિતાનાં ઉલ્લંઘનની અનેક ફરિયાદો ચુંટણી પંચ સમક્ષ થાય છે. પરંતું ચુટણી પંચ દ્વારા આ અંગે કહેવા પુરતીજ કાર્યવાહી થતી હોય છે.આ આરોપમાં કહેવાયું છે કે ચુંટણી પંચની પારદર્શિતામાં લોકોને વિશ્વાસભંગ થશે તો તે આપણા લોકતંત્રના ભવિષ્ય માટે ગંભીર પરિણામો લાવી શકે છે.પુર્વ અમલદારોએ આ પત્રની નકલ મુખ્ય ચુંટણી કમિશ્નર અને અન્ય ચુંટણી કમિશ્નરને પણ મોકલી છે.જેમાં કહેવાયું છે કે ચુંટણી પંચ એવું વલણ દાખવે કે તેમાં તેની સ્વાયત્તતા, પારદર્શિતા અને કાર્યદક્ષતા સામે કોઈ સવાલો ન સર્જાય અને ભારતીય મતદાર કોઈ ભય અને તરફેણ વિના જ પોતાનો મત આપી શકે.

જેમણે ચુંટણી પંચની નિષ્ક્રિયતા બાબતે ગંભીર સવાલો ઊભા કર્યા છે તેમણે પ્રેકટીકલી ઊભી થયેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ચુંટણી પંચને આબાબતે જાણકારી આપી છે.૨૦૧૪ના લોકસભાની ચુંટીઓમાં ઈવીએમ મશીનનોન ગરબડ અંગે ઊભા થયેલા સવાલોનું નિરાકરણ લાવવાની જરુર છે.વિપક્ષોએ જે શંકાઓ ઊભી કરી છે તેને સ્વોલ કરવાની જરુર છે. નહિતર ચુંટણી પંચ તરફદારી કરનાર સંસ્થા છે તેવી મહોર વાગી જશે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવક્રાંતિ

લોકસભાની ચુંટણી માટે મતદારોને આર્કષવા માટે પોતાના આર્કષક ચુંટણી ઢંઢેરા રાજકીય પક્ષો બહાર પાડી રહ્યા છે.અને તેમાં અપાતા વિવિધ પ્રકારની ચુંટણી વચનો ક્યારેય પુરા ન કરી શકાય તેવા હોય છે. ૨૦૧૪માં લોકસભાની ચુંટણી વખતે બે વચનોની વાત કરીએ તો ભાજપ તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ છુટ્ટા હાથે પીરસેલી વાનગીની જેમ વિદેશમાં જતા રહેલા દેશના કાળા નાણાં દેશમાં પરત લાવીને દરેક નાગરિકના ખાતામાં રુ.૧૫ લાખ જમાં કરાવવામાં આવશે તેવી વાતને લોકોએ જુમલો નહી માનીને ખોબલે ખોબલે મત આપ્યા અને ત્યારબાદ આ એક ચુંટણી જુમલો હતો તેવું ભાજપના અનેક નેતાઓ બોલી ચુક્યા છે.મતદારોને છેતરવા માટે ઉપયોગમાં લેવાતા આવા ચુંટણી ઢંઢેરાને ચુંટણી પંચે પણ માન્યતા ના આપવી જોઈએ.

ખેર,ઉમેદવારો નક્કી કરવામાં પણ જાતીય સમીકરણોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.પરંતુ આજ દીન સુધી થતી આવેલી ચુટણીઓમાં મુખ્ય મુદો રોજગાર હોવો જોઈએ તે નથી.દેશના લોકોની જરુરીયાત રોટી, કપડાં અને મકાન છે તેનાથી વિશેષ તેને કાંઈ જોતું નથી.એવા અનેક લોકો છે તેમને બે ટંક પુરતુ ભોજન નથી મળતું.શિક્ષણ,આરોગ્યની કમી હોવાને કારણે દેશનો ઝડપી વિકાસ શક્ય બનતો નથી.એવું નથી કે આ બાબતે સરકારે કોઈ પ્રયત્ન કર્યા નથી પરંતુ પુરતા નાણાં અને તેની વ્યવસ્થાઓ થઈ શકી નથી. આ ઉપરાંત સરકારી મશીનરીને યોજનાઓ જાહેર કરીને તેમાંથી તેમને તેમનો કસ કાઢવાની વૃત્તિથી લોકો સુધી લાભો પહોચ્યા જ નથી.પરિણામે પાણી,વીજળી, રોટી જેવા બહુમુલ્ય પ્રશ્નોનું નિરાકરણ સહેલું બન્યું નથી.

એક એનજીઓ દ્વારા કરાયેલ સર્વેમાં દેશના નાગરિકો શું ઈચ્છે છે તેનું તારણ કાઢવામાં આવ્યું.જેમાં લગભગ ૯૮ ટકા લોકો એવું ઈચ્છે છે કે જે કોઈ ઉમેદવાર આવે તે ગુનાઈત રેકોર્ડ ધરાવતો ના હોવો જોઈએ.જ્યારે દેશની ચુંટણીમાં આવા કલંકિત ઉમેદવારોની લાંબી લાઈન ઉભી છે.કોઈપણ પક્ષ આવા ઉમેદવારોની હકાલપટ્ટી કરતો નથી.પરિણામે માફીયા ગેંગના લોકો રાજકારણમાં પ્રવેશી જાય છે.લોકોની અપેક્ષા મુજબ રોજગાર,આરોગ્ય સેવા,પીવાનું પાણી, રોડ રસ્તાઓ,પરિવહન, સિંચાઈ માટે પાણીની વ્યવસ્થા, ખેતી માટે સરળ લોન,ખેત પેદાશોના સારા ભાવો,ખાતરના ભાવોમાં રાહત અને સારી કાયદો વ્યવસ્થા ઈચ્છે છે. શું આ શક્ય છે.આપણે જેને ચુંટીને મોકલીએ છીએ તે શું આ આપણી અપેક્ષાને સંતોષી શકે તેમ છે ?

ભાજપે પોતાના ચુંટણી પ્રચારમાં જાદુગરો ઉતાર્યા છે. તેઓ જાદુના ખેલ કરીને લોકોને મત આપવા લલચાવી રહ્યા છે.જાદુ એટલે ભ્રમિત કરવું અને જે નથી એવું લોકોને દેખાડવું. ૨૦૧૪ના ચુંટણીમાં આવુ જ કંઈક કરવામાં આવ્યું હતું. તે વખતે જાદુગરો નહોતા પરંતુ પક્ષના નેતાઓ હતા આ વખતે જાદુગરો દ્વારા આ ભગીરથ કાર્ય કરવામાં આવે છે તેથી કોઈની ઉપર દોષારોપણ કરી ના શકાય.સત્તા મેળવવા માટે અજમાવામાં આવતાં વિવિધ ખેલો ખરેખર લોકશાહી માટે કલંકરુપ જ કહેવાય.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર

**બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


# કોગ્રેસનુ 'જન આવાજ' ઘોષણાપત્ર 'હમ નિભાયેગે' જાહેર કરાયું

## ઉત્તર પુર્વમાં AFSPA માં સુધારો થશે, રાજદ્રોહ માટેની કલમ ૧૨૪ A ને રદ કરવા નાગરિકોને વચન અપાયું




પાંચ થીમ આધારિત કોગ્રેસે પોતાના ૨૦૧૯ની લોકસભા માટે જાહેર કરેલા ચુંટણી ઢંઢેરામાં ગરીબો,ખેડુતો, યુવાનો અને બેકારો માટે અનેક યોજનાઓ જાહેર કરી. માર્ચ ૨૦૨૦ થી ૨૨ સુધીમાં ૨૨ લાખ સરકારી નોકરીઓની ખાતરી આપવામાં આવી છે.વર્ષે રુ.૭૨,૦૦૦ આપીને દેશમાંથી ગરીબી નાબુદ કરાશે.કોગ્રેસે જાહેર કરેલો પોતાનો મહત્વાકાંક્ષી ઢંઢેરામાં જન આવાઝ નામ આપીને હમ નિભાયેગેનું ટાઈટલ આપ્યુ હતું.જેમાં લોકોના અવાજને વાચા આપતી પાંચ થીમને મહત્વ અપાયું હતું.ખાસ કરીને ખેડુતો,ગરીબો, બેકારો અને યુવાનોના ઉત્કર્ષ માટે અનેક વચનો આપવામાં આવ્યા હતા.ખેડુતો માટે અલગ બજેટ રજુ કરવાનો નવો અભિગમ આપવામાં આવ્યો હતો.યુવાનોને સરકારી નોકરીઓ માટે ૨૦૨૦ સુધીમાં ૨૨ લાખ નોકરીઓના સર્જનની બેકારોને ખાતરી અપાઈ છે.રોજદ્રોહ માટેની કલમ ૧૨૪એને રદ કરવા નાગરિકોનો વચન અપાયું છે. જીએસટીમાં સિંગલ રેટની સિસ્ટમ દાખલ કરવા, ઉત્તરપુર્વના રાજ્યોમાં સુરક્ષાદળોને વિશેષાધિકાર આપતા કાયદા આફસ્પામાં સુધારો કરવા લોકોને વચન અપાયું છે.શિક્ષણ તથા આરોગ્ય તેમજ દેશના સર્વાંગીં વિકાસને લગતા મુદાઓ આ ઢંઢેરામાં આવરી લેવામાં આવ્યા છે.

રાહુલ ગાંધીએ જણાવ્યુ હતું કે સમગ્ર જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે. અમે રાજ્યના અનુપમ ઈતિહાસ અને તેની અદ્રિતિય પરિસ્થિતઓનું સન્માન કરીએ છીએ. જેના હેઠળ રાજ્યે ભારત સાથે જોડાણ કરવાની શરતો સ્વીકારી હતી.તેના આધારે જ ભારતના બંધારણમાં આર્ટિકલ ૩૭૦ને જોડવામાં આવી હતી.દેશમાં કોગ્રેસની સરકાર આવશે તો આ બંધારણીય પરિસ્થિતિને બદલવાની પરવાનગી આપવામાં આવશે નહીં. આ અંગે કોઈ પ્રયાસ કરવામાં આવશે નહીં.બીજી તરફ કાશ્મીર પોલીસને રાજ્યના કાયદો અને વ્યવસ્થા જાળવવા વધારાની જવાબદારી સોપવામાં આવશે.સમાજ વ્યવસ્થા સુધારવા માટે નાગરિકોએ પસંદ કરેલા ત્રણ લોકોની સમિતિ રચીને સરકાર સાથે ચર્ચા કરવામાં આવશે.રાજ્યમાં સ્વતંત્ર અને નિષ્પક્ષ ચુંટણીનું પણ આયોજન કરવામાં આવશે.ર્જાયના લોકોના કૌશલ્ય વિકાસની યોજના જેવી કે ઉડાન,હિમાયત અને ઉમ્મિદને કોગ્રેસ દ્વારા નવેસરથી લાગુ કરવામાં આવશે.

ઢંઢેરામાં અન્ય મહત્વની જાહેરાતો કરવામાં આવી હતી તે પૈકીમાં જીએસટીમાં સિંગલ રેટની સિસ્ટમ દાખલ કરી તેને સરળ બનાવવાની, રાફેલ સોદાની તપાસ કરવાની,રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોને સંસદના દાયરામાં લાવવાની,સરકારી નોકરીઓમાં મહીલાઓને ૩૩ ટકાની અનામત,રાષ્ટ્રીય સુરક્ષા માટે કોઈ સમાધાન નહી,નીતિ આયોગને રદ કરવામાં આવશે,મનરેગાના ફંડનો ઉપયોગ હેલ્થ સેન્ટર,ક્લાસરુમ, લાઈબ્રેરીમાં કરાશે.કષિ લોન ડિફોલ્ટર્સ સામે ક્રિમિનલ ગુનો નોધીને કેસ કરાશે નહીં.કાયદામાં સુધારા જુના કાયદા રદ કરાશે.વિગેરે

# રાજકીય હરિફોને દેશદ્રોહી ગણવા ઉચિત નથી : એલ.કે.અડવાણી

ગાંધીનગરના સાંસદ અને ૨૦૧૯ની લોકસભાની ચુંટણીમાંથી બાકાત રખાયેલા ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીએ બ્લોગ લખ્યોછે અને પોતાની હૈયાવરાળ ઠાલવી છે. બ્લોગમાં તેમણે લખ્યું છે કે તેમના જીવનમાં પહેલો દેશ છે અને તે પછી પાર્ટી અને ત્યારબાદ તે આવે છે.હરિફ રાજકીય પાર્ટીના નેતાઓને દેશદ્રોહી કે દુશ્મન તરીકે ચીતરવા સામે પણ તેમણે ચેતવણી ઉચ્ચારી છે. બ્લોગમાં અડવાણીએ લખ્યું છે કે છઠ્ઠી એપ્રિલે ભાજપ પોતાનો સ્થાપના દિવસ ઉજવશે. ભાજપમાં આપણા સહુ માટે આ મહત્વપુર્ણ અવસર છે. આગળ જુઓ અને ભીતરમાં જુઓ.ભાજપના સંસ્થાપકોના રુપમાં મે ભારતના લોકો સાથે મારો અનુભવ વહેચવાનું કર્તવ્ય સમજ્યું છે.ખાસ કરીનો મારી પાર્ટીના લાખો કાર્યકર્તાઓની સાથે. મને તેમણે ખુબ સન્માન આપ્યું છે. ભાજપ વ્યક્તિગત અને રાજકીય સ્તરે પણ નાગરિકોની સ્વતંત્રતા માટે પ્રતિબધ્ધ છે. તેમ જણાવીને અડવાણીએ લખ્યું છે કે ભાજપ હંમેશા મીડીયા સહિત તમામ લોકતાંત્રિક સંસ્થાનોની સ્વતંત્રતા,અખંડિતતા,નિષ્પક્ષતા અને મજબુતીી માંગમાં આગળ રહ્યો છે. દેશમાં રાજકીય હરિફોને દેશદ્રોહી ચીતરી શકાય નહીં.રાજકીય હરિફને દુશ્મન કહી શકાય નહીં. એમ તેમણે લખ્યું છે.વડાપ્રધાન મોદીએ



અડવાણીના બ્લોગની પ્રશંસા કરીને કહ્યુ હતું કે તેમણે ભાજપનો ઉત્તમ સાર બતાવ્યો છે.મને ભાજપના કાર્યકર્તા હોવાનો ગર્વ છે કે મહાન નેતા અડવાણીએ તેને મજબુત કર્યો છે.એમ તોમણે ટ્વીટર પર લખ્યું હતું. ગાંધીનગરની જનતાનો તેમણે આભાર માન્યો હતો. તેમણે લખ્યું હતું કે મને

# ભારતે મહાન ઉપલબ્ધી મેળવવા માટે કરેલા અભિયાન અને ચુંટણીલક્ષી પ્રચાર માટે જેનો બેહદ ઉપયોગ કરાયો તે બ્રહ્માસ્ત્રે તોડેલા ઉપગ્રહના ભંગારથી સ્પેશ સ્ટેશન સામે જોખમ સર્જાયું છે : નાસા


નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેશ એડમિનીસ્ટ્રેશન(નાસા)ના વડાએ ભારત દ્વારા કરાયેલી સ્પેશ સ્ટ્રાઇકને ભયાનક બાબત ગણાવી છે. નાસાના વડા જિમ બ્રિડનસ્ટાઇને જણાવ્યુ હતું કે ભારતે અંતરિક્ષની લોઅર ઓર્બિટમાં મિસાઇલ દ્વારા તોડી પાડેલા સેટેલાઇટને કારણે ભંગારના ૪૦૦ ટુકડા ભ્રમણકક્ષામાં સર્જાય છે. જેના કારણે આંતરરાષ્ટ્રીય સ્પેશ સ્ટેશન અને તેમાં રહેલા અંતરિક્ષયાત્રીઓ માટે નવા ભય સર્જાયા છે.ભારતના પરીક્ષણ બાદ જિમે નાસાના કર્મચારીઓને સંબોધન કરતાં જણાવ્યુ હતું કે અમે હજુ ભંગારના બધા ટુકડા શોધી શક્યા નથી. અમે અત્યારે શોધી શકાય તેવા ભંગારના મોટા ટુકડાઓની શોધ ચલાવી રહ્યા છીએ. અમે ૧૦ સેમી અથવા તેથી મોટા ટુકડાની વાત કરી રહ્યા છીએ.અત્યાર સુધીમાં અમે ભંગારના આ પ્રકારના ૬૦ ટુકડા શોધી કાઢ્યા છે.ભારતે ૩૦૦ કીમી.ના અંતરે આવેલી ભ્રમણકક્ષામાં મોટાભાગના ઉપગ્રહો અને આંતરરાષ્ટ્રીય સ્પેશ સ્ટેશનોની નીચે આ સેટેલાઇટ તોડી પાડ્યો હતો.જિમે જણાવ્યુ હતું કે ભંગારના ૨૪ ટુકડા આંતરરાષ્ટ્રીય સ્પેશ સ્ટેશનથી પણ ઉપર ગયા છે.

જિમે જણાવ્યુ હતું કે આ ઘણી ભયાનક બાબત છે.ભારતે કરેલા પરીક્ષણના કારણે આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશનથી પણ ઉપર સુધી આ ભંગારના ટુકડા ગયા છે. આ પ્રકારની પ્રવૃત્તિ ભવિષ્યની માનવ સ્પેશ ફલાઇટ સાથે મેળ ખાતી નથી.આ તદન અસ્વીકાર્ય બાબત છે અને નાસાએ ભારત દ્વારા કરાયેલા પરિક્ષણની કેવી અસરો થઇ શકે છે તે અંગે સંપુર્ણ સ્પષ્ટતા કરવાની જરુર છે.બીજી તરફ ભારતે જણાવ્યુ હતું કે આ માત્ર એક પ્રોપેગન્ડા છે. ડીઆરડીઓના પુર્વ વડા સાસ્વતે જણાવ્યુ હતું કે ભારત દ્વારા સધાયેલી પ્રગતિ અમેરિકા સીધી રીતે સ્વીકારી શકતું નથી.તેથી આવી વાતો કરે છે. આ તેની પધ્ધતિ છે. આપણા એએસએટી દ્વાર જે ઓબ્જેક્ટ તોડવામાં આવ્યો છે તેમાં એટલી ગતિ જ નથી કે તેઓ લાંબા સમય સુધી અવકાશમાં ટકી શકે.નાશા નાહકનો ઉહાપોહ કરી રહ્યું છે.

સ્પેશ ટેકનોલોજીમાં ભારતે દુનિયાની ચોથી મહાશક્તિ તરીકે સ્થાન મેળવી લીધું છે.અમેરિકા, રશિયા, ચીન અને ભારત જેણે અંતરિક્ષમાં ભ્રમણ કરતાં ઉપગ્રહને એન્ટી સેટેલાઇટ મિસાઇલથી તોડી પાડ્યો હતો. આ ભારતના અભિયાનને મિશન શક્તિ નામ આપવામાં આવ્યુ હતું.નાશા પ્રમાણે આ ભયાનક મિશન હતું.

ભારતની સ્પેશ રિસર્ચ સંસ્થા ઇન્ડીયન સ્પેસ રિસર્ચ ઓર્ગે. (ઇસરો)ને એ-એસએટી મિસાઇલથી ઉપગ્રહ તોડી પાડતાં માત્ર ત્રણ મીનિટ લાગી હતી.ઇસરોએ આ સિધ્ધિ સાબિત કરવા માટે મિશન શક્તિ લોન્ચ કર્યુ હતું. જે સંપુર્ણપણે સફળ રહ્યુ હતું. વાસ્તવમાં એન્ટી સેટેલાઇટ સિસ્ટમ અમેરિકા અને રશિયાએ વિકસિત કરી છે.

# ' હું કોંગ્રેસ મુક્ત ભારતનો સમર્થક નથી કે મારે ચોકીદાર બનવાની જરુર નથી, હું જન્મથી જ શિવસૈનિક છું ' : ઉદ્દવ ઠાકરે,શિવસેના પ્રમુખ



દેશભરમાં ભાજપ દ્વારા 'હું પણ ચોકીદાર' અભિયાન શરુ કરવામાં આવ્યું છે અને તેમાં ભાજપ તેમજ સાથીપક્ષોને સમાવી લેવામાં આવ્યા છે.જો કે કેટલાક સાથી પક્ષો ભાજપના આ સ્લોગનમાં સંમત નથી.ખાસ તો ભાજપના સાથીદાર શિવસેના તેના ટીકાકાર રહ્યા છે.તેમને ગળે આ સ્લોગન ઉતર્યુ નથી.સહયોગી પાર્ટી શિવસેનાના વડા ઉદ્દવ ઠાકરેએ જણાવ્યુ હતું કે મારે ચોકીદાર હોવાની જરુરત નથી. હું જન્મજાત શિવસૈનિક છું એટલા માટે શિવસૈનીક જ રહીશ.

શિવસેના ચીફ પાર્ટીના જ નેતા સંજય રાઉતે આપેલા ઇન્ટરવ્યુંમાં કહ્યુ હતું કે હું કોંગ્રેસમુક્ત એજન્ડા માટે કામ કરતો નથી.વડાપ્રધાનને પાંચ વર્ષ હજુ આપવા પડશે.જો રામમંદિરના નિર્માણનું કામ ઝડપી નહી થાય તો હું અયોધ્યામાં ફરી એક વાર રામમંદિરની મુલાકાત લઇશ.શિવસેના અધ્યક્ષ ઉદ્દવ ઠાકરેએ ભાજપના આ ચોકીદાર અભિયાન પર પ્રતિક્રિયા આપતાં કહ્યુ હતું કે હું ચોકીદાર નહિ પણ શિવસૈનિક છું. તેમણે એમ પણ ઉમેર્યુ હતું કે હું કોંગ્રેસ મુક્ત ભારતનો સમર્થક નથી.શિવસેના પ્રમુખના આ નિવેદનથી સૌ કોઇ એકવાર ચોંકી ગયા છે.

# ગુજરાત સરકારે જીવદયા બાબતે કચ્છના બંદરેથી નિકાસ થતાં ઘેટા-બકરાની નિકાસ પર લાદેલ પ્રતિબંધને હાઇકોર્ટે ફગાવી દીધો

કચ્છના દરિયાકાંઠે આવેલા તુણા બંદરેથી વિદેશમાં નિકાસ કરાતાં ઘેટા-બકરા પર ગુજરાત સરકારે લાદેલા પ્રતિબંધને હાઇકોર્ટે ફગાવી દીધો હતો.આ બંદરેથી ઘેટા-બકરાની નિકાસ પર પ્રતિબંધ મુકતા ૧૪ ડિસેમ્બર,૨૦૧૮ના રોજ રાજ્ય સરકારે જાહેરનામુ પ્રસિધ્ધ કર્યુ હતું. તેની સામે નિકાસકારોએ હાઇકોર્ટમાં રીટ અરજી કરી હતી. તેના સંદર્ભમાં હાઇકોર્ટે આ જાહેરનામાને રદ કરતો હુકમ કર્યો હતો.સુપ્રીમ કોર્ટમાં જવા માટે છ સપ્તાહ સુધી હાઇકોર્ટના આ હુકમ પર મનાઇ હુકમ આપવાની સરકારની વિંનતીને પણ હાઇકોર્ટે નકારી કાઢી હતી.

ઘેટા-બકરાની નિકાસ પર પ્રતિબંધ લાદવો તે દેશની આયાત-નિકાસ નીતિના ભંગ સમાન હોવાથી સરકારના નોટીફીકેશનને નિકાસકારોએ હાઇકોર્ટમાં પડકાર્યો હતો. કચ્છ જિલ્લામાં આવેલા તુણા બંદર એક માત્ર એવું બંદર છે કે જે દિનદયાલ ઉપાધ્યાય પોર્ટ ટ્રસ્ટ દ્વારા સંચાલન કરવામાં આવે છે. બંદરેથી ઘેટા-બકરાની નિકાસ થાય છે અને તેને નિયંત્રિત કરવા અંગે કચ્છ જિલ્લા કલેકટરના હુકમને હાઇકોર્ટે નકારી કાઢ્યા પછી રાજ્ય સરકારે પશુઓની નિકાસ પર પ્રતિબંધ લાદવા માટે જાહેરનામું જારી કર્યુ હતું.ગત વર્ષે બકરી ઇદના તહેવાર પહેલા કચ્છ કલેકટરે નિકાસકારો દ્વારા પશુઓની થતી નિકાસ પશુઓ પરની ક્રુરતા અટકાવવાના ભંગ સમાન ગણાવીને મધ્ય પુર્વના દેશોમાં નિકાસ માટેના કન્સાઇમેન્ટ અટકાવ્યા હતા.

જો કે દેશની આયાત-નિકાસ નીતિ દ્વારા જ આ ઘેટા-બકરાની નિકાસ થતી હોય છે પરંતુ કેટલાક ખાસ જ્ઞાતિના લોકો દ્વારા જ સરકાર પર દબાણ કરીને આ નિકાસ અટકાવવામાં આવી હતી.અને સરકારે પોતાને લાભકર્તા હોવાનું માનીને આ નીતિ સામે પ્રતિબંધ ફરમાવ્યો હતો. જેથી ચુંટણીઓમાં તેમને લાભ મળી શકે.

## જાણવા જેવું !

સોલિડ કાર્બન ડાયોકસાઇડને ડ્રાય આઇસ તરીકે ઓળખવામાં આવે છે. તે જ્યારે વાતાવરણની ગરમીમાં આવે છે ત્યારે તે પીગળતો નથી પરંતુ હવામાં ઉડી જાય છે.૧૮૬૮માં બ્રિટીશ રેલરોડ સિગ્નલ એન્જીનીયર જે.પી.નાઇટે ટ્રાફિક સિગ્નલની શોધ કરી હતી.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૯૯

૯૮૨૪૩૬૨૪૬૨


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## જાણવા જેવું !

વિશ્વના પ્રથમ મહીલા પ્રધાનમંત્રી બનવાનું ગૌરવા શ્રીલંકાના શ્રીમતી ભંડારનાયકને મળે છે.

૧૮૬૮માં બ્રિટીશ રેલરોડ સિગ્નલ એન્જીનીયર જે.પી.નાઇટે ટ્રાફિક સિગ્નલની શોધ કરી હતી.

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ

એક્સ.સીની.કન્સલ્ટન્ટ, રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ

એક્સ.સીની.કન્સલ્ટન્ટ મોરારજી દેસાઇ આરોગ્યધામ,

હેલ્થ-વેલ્થ પ્લાનર

ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર

મો.૯૩૭૬૧ ૦૦૮૯૮

E.mail : drhamparikh@yahoo.co.in

# ભારત યુએસ પાસેથી ૧૦૦ ટકાથી વધુ જકાત વસુલે છે એ નહી ચલાવી લેવાય : ભારત 'સ્ટુપિડ ટ્રેડ' કરે છે : ટ્રમ્પ

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર અમેરિકી ચીજવસ્તુઓ પર જંગી જકાત લાદવાનો આક્ષેપ કર્યો છે. અને પોતાના અધિકારીઓને પણ જવાબી કાર્યવાહી કરવાનું કહી દીધું છે.એકજ અઠવાડીયામાં બીજી વખત આ મામલે આકરી ટકોર કરી છે અને તે ભારતીય ચીજોની નિકાસ માટે ચિંતાની બાબત બની શકે તેમ છે.ભારતને જંગી જકાત નાખનાર દેશોમાંથી એક હોવાનું જણાવતાં ટ્રમ્પે ભારત સાથે અમેરીકી વેપારને મુરખતાથી ભરેલો કારોબાર ગણાવ્યો હતો.કે ભારત ટેરીફ કિંગ છે અને તે અમેરિકી ચીજો પર જંગી જકાત વસુલે છે.

લાસ વેગાસમાં રિપબ્લીકન જેવિશ કોઓલિશનને સંબોધતાં ટ્રમ્પે કહ્યુ હતું કે ભારત અમારી પાસેથી જંગી જકાત લઈ રહ્યું છે. મહાન દેશ,પરમ મિત્ર વડાપ્રધાન મોદી અનેક ચીજો પર અમારી પાસેથી ૧૦૦ ટકાથી વધુ જકાત વસુલી રહ્યા છે.જ્યારે અમેરિકા એવી ચીજો પર ભારત પાસેથી કોઈ જકાત લેતું નથી. પોતાના પ્રવચનમાં તેમણે એ વાતનો પણ સંકેત આપ્યો હતો કે ભારત સામે જવાબી જકાત લાદવાનો તેમને સેનેટરોના વિરોધનો પણ સામનો કરવો પડી રહ્યો છે.ચીન પછી ભારત જ એકમાત્ર બીજો એવો દેશ છે જે અમેરિકાની ચીજો પર જંગી જકાત વસુલે છે.

ટ્રમ્પે આક્ષેપ કર્યો હતો કે ભારતે અમારી સામે સતત મુર્ખતાથી ભરેલો કારોબાર છેડી રાખ્યો છે અને ગેરકાયદેસર કારોબારી ગતિવિધિઓનો આશરો લઈ રહ્યો છે. ટ્રમ્પે સલાહ આપી હતી કે અમેરિકાએ પણ તેમની પાસેથી કંઈક લેવું જોઈએ કેમકે આતો ફ્રી ટ્રેડ નથી આ તો સ્ટુપીડ ટ્રેડ છે.

તેમણે અમેરિકા સાથે વેપાર અસમતુલા માટે વડાપ્રધાન મોદીને જવાબદાર ઠેરવ્યા હતા.ભારતની ટ્રેડ અને ટેરીફ પોલીસી પર નારાજગી વ્યક્ત કરતાં તેમણે ઉમેર્યું હતું કે અમારા સાંસદો કહે છે કે તમે આવું ન કરી શકો. આ મુક્ત વેપાર નથી. ઓ કોઈ મુક્ત વેપાર નથી.

પોતાના વરિષ્ટ અધિકારીઓને આ મામલે કાર્યવાહી કરવાની સુચના આપતાં ટ્રમ્પે કહ્યુ હતું કે કૃપા કરીને તમે આની પર કામ કરશો . આ મગજ બગાડે તેવું છે.અમે ઘણા મુર્ખતાપુર્ણ કારોબાર કરી રહ્યા છીએ.આ પ્રકારના કારોબારથી અમેરિકાને ઘણા વર્ષોથી



વાર્ષિક ૮૦૦ અબજ ડોલરનું નુકશાન વેઠવું પડી રહ્યું છે.

ભારતે અમેરિકાના ડ્યુટી ફ્રી ટેરિફનો લાભ હેઠળ ૨૦૧૭માં અમેરિકામાં ૫.૬ અબજ ડોલરની ચીજોની નિકાસ કરી હતી.આમ અમેરિકા આ લાભો પાછ ન ખેચી લે તે માટે ભારત સતત પ્રયાસ કરી રહ્યું છે. જો ટ્રમ્પ જકાત માફી પાછી ખેચી લેશે તો ભારતને વાર્ષિક આશરે રુ.૪૦૦૦ કરોડના વેપારને ફટકો પડશે.વેપાર અંગેની ટ્રમ્પની ધમકીઓ પગલાંમાં ફેરવાઈ જાય છે તેમણે અન્ય દેશોની સાથે ભારતમાંથી નિકાસ થતી સ્ટીલ અને એલ્યુમિનિયમ પર અનુક્રમે ૨૫ ટકા અને ૧૦ ટકા જકાત લાદી હતી.

# વિપક્ષો વિરુધ્ધ સરકારી વિભાગોની કનડગત ખોટી રાજનીતિ છે : કોગ્રેસ

કોગ્રેસે કેન્દ્રની સત્તાધારી પાર્ટી દ્વારા વિપક્ષી નેતાઓ પર સરકારી આયકર વિભાગ, ચુંટણી આયોગ, ઈડી વિગેરેનો દુરપયોગ કરવા સામે આંગળી ચીંધી છે. જો કે નાણાંમંત્રી અરુણ જેટલીએ જણાવ્યુ હતું કે ચુંટણી આયોગ અને આયકર વિભાગ જેવી સંસ્થાઓ કાળાનાણાં ઉપર નજર રાખી રહી છે. આ તેમનું કામ છે તેને રાજકારણ સામે કોઈ લેવાદેવા નથી. તેઓ અમારી પાસે આવતાં નથી અને કોઈ પણ રિપોર્ટ આપતાં પણ નથી. કોગ્રેસ શાસિત રાજ્યોમાં ભ્રષ્ટાચાર ચરમસીમા પર છે.

જયારે કોગ્રેસ પ્રવક્તા નિલાભ શુકલાએ જણાવ્યુ હતું કે આર્દશ આચારસંહિતા ક્યાં છે ?કેન્દ્ર સરકાર આવકવેરા વિભાગના અધિકારીઓને કઠપુતળી બનાવીને કોગ્રેસ સામે ઉપયોગ કરી રહી છે.જો કે નિષ્પક્ષ રીતે સરકારી અધિકારીઓ વર્તતા નથી.ચુંટણીમાં પોતાનો વિજય થાય અને ફરીથી સત્તા મળે માટે સત્તાધારી પક્ષ ગમે તેવા પગલાંને યોગ્ય ઠેરવે તેમાં લેશમાત્ર શંકા નથી.

# મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કમલનાથ સાથે સંકળાયેલા લોકોના ૫૦ ઠેકાણે આઇટીના દરોડા પડાયા

આવકવેરા વિભાગે મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કમલનાથની સાથે સંકળાયેલા લોકોના દિલ્હી,મધ્યપ્રદેશ અને પશ્ચિમ બંગાળ એમ ત્રણ રાજ્યોના ઓછામાં ઓછા ૫૦ ઠેકાણા પર દરોડા પાડ્યા હતા.આવકવેરાના અધિકારીઓના જણાવ્યા મુજબ આ દરોડામાં ૫૦૦થી વધુ અધિકારીઓનો કાફલો જોડાયો હતો.

દરોડામાં મદદ કરવા માટે કેન્દ્ર સરકારે મોકલેલ સીઆરપીએફ રાજ્યમાં મોકલવા માટે રાજ્યના ઈન્ટેલીજન્સ દ્વારા પુછવામાં આવેલ સવાલોમાં કેન્દ્રે રાજ્યના ઈન્ટેલીજન્સને મુર્ખ બનાવ્યું હતું.કેન્દ્રે જવાબ આપ્યો હતો કે ચુંટણી માટે તથા કેટલાક કાર્યોમાં સાથ આપવા માટે આ કાફલો આવે છે.ક્યા કાર્યમાં કોને સાથ આપવા આ ટુકડી આવે છે તેનો ખુલાસો કેન્દ્રે કર્યો નહોતો.સરકાર પોતાની નીતિમાં સ્પષ્ટ નથી એ વાત પરથી એમ દેખાય છે કે ક્યાંક ખોટુ કરવાની નિશાની છે.

કોગ્રેસી નેતા દિગ્વિજયસિંહે કહ્યુ હતું કે મધ્યપ્રદેશમાં મામા અને મામીને ત્યાં દરોડા પાડો તો કેન્દ્રની સરકારને ખરી માનીએ કે તમે તમારી સત્તાનો દુરપયોગ કરતાં નથી.ચુંટણીઓમાં કાળા નાણાંનો હિસ્સો છે તેમાં કોઈ બેમત નથી. નાણાંની કોથળીઓ ખુલ્લી મુકીને જ ચુંટણીઓ જીતાય છે તે સત્ય છે પરંતુ તે સત્યને સ્વીકારવામાં સહુ કોઈને નાનમ લાગે છે.ચુંટણીઓમાં દરેક પ્રકારની રીતો અને નુસખાઓ અપનાવાય છે. ચુંટણી પંચ આવી બાબતોની તરફ આંખ આડા કાન કરે છે કારણકે તે પણ સરકારનુ એક અંગ છે.અને તે સરકારને જ વફાદાર છે.

# કેટલાક ઉમેદવારો ચુંટણીઓમાં પોતાની માહિતી બદલતા રહે છે

મોદી સરકારમાં અનેક મહત્વના વિભાગોના પ્રધાન રહી ચુકેલા સ્મૃતિ ઈરાનીએ અમેઠી લોકસભા બેઠક પરથી ઉમેદવારી પત્રક ભરતા આ વખતે તેમણે ભરેલા સોગંદનામામાં તેમની મહત્તમ શૈક્ષણિક લાયકાતનો ઉલ્લેખ પણ કર્યો હતો.ચુંટણી ઉમેદવારીપત્ર ભરતાં રજુ કરેલા સોગંદનામામાં તેમણે સ્પષ્ટતા કરી છે કે તેમણે દિલ્હી યુની.માં પ્રથમ વર્ષ બેચરલ ઓફ કોમર્સ અર્થાત બી.કોમ માટે પરીક્ષા આપી હતી.પરંતુ ત્રણ વર્ષનો ડીગ્રી કોર્સ પુરો કર્યો નથી.

રસપ્રદ વાત એ છે કે સ્મૃતિ ઈરાનીએ શૈક્ષણિક લાયકાત વિષે મોટા વિવાદો થઈ ચુક્યા છે.તેમણે ૨૦૦૪ અને ૨૦૧૪માં લોકસભા ચુંટણી લડતી વેળાએ તેમની શૈક્ષણિક લાયકાત અંગે બે જુદા જૂદા દાવા કર્યા હતા.

૨૦૦૪માં દિલ્હી ચાંદની ચોક બેઠક પરથી ચુંટણી લડતા સ્મૃતિ ઈરાનીએ પોતાના સોગંદનામામાં જણાવ્યુ હતું કે તેઓ બી.એ. પાસ છે.જ્યારે ૨૦૧૪માં તેમણે અમેઠીમાંથી ઉમેદવારીપત્ર ભર્યું હતું ત્યારે તેમણે તેમની શૈક્ષણિક લાયકાત બી.કોમ દર્શાવી હતી.બંને સોગંદનામામાં અલગ અલગ શૈક્ષણિક લાયકાત ધરાવી હોવાના મુદ્દે મોટો વિવાદ સર્જાયો હતો.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

સંપર્કઃ

**એ.એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.